**બિડાણઃ–** નાયબ સચિવ (ઉધોગ), ગુજરાત સરકાર, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૬.૧૨.૨૦૨૦ના ઠરાવ ક્રમાંક : એસપીઓ/૧૦૨૦૧૫/૧૫૩૬(પાર્ટ–૨)/ ચ

**વિષયઃ–** અપંગ તાલીમ અને પુનર્વસન ઉધોગ ભવન, વિજલપોર, જિ. નવસારીને વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા લંબાવવા બાબત......

---

જા.નં.નકૃયુ/રજી/અ.૩.૨/ ૧૧૦૯૮-૧૧૧૪૭ /૨૦૨૦. તાઃ ૨૩/૧૨/૨૦૨૦

**સામેલઃ** ઉપર મુજબ.

**ઈ/ચા.કુલસચિવ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી**
**નવસારી**

**<u>નકલ સવિનય રવાનાઃ</u>**– અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ તરફ જાણ તેમજ

૨/– નાયબ સચિવ (ઉધોગ), ગુજરાત સરકાર, ઉધોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના તા.૧૬.૧૨.૨૦૨૦ના સામેલ ઠરાવ જાણ સારુ.

અપંગ તાલીમ અને પુનર્વસન ઉદ્યોગ ભવન, વિજલપોર, જિ.નવસારીને વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા લંબાવવા બાબત.

ગુજરાત સરકાર
ઉદ્યોગ અને ખાણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ એસપીઓ/૧૦૨૦૧૫/૧૫૩૬ (પાર્ટ-૨)/ચ
સચિવાલય,ગાંધીનગર
તારીખ:૧૬/૧૨/૨૦૨૦

વંચાણે લીધા:-

(૧) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૮૬/૧૨૨૯/ચ, તા.૭/૫/૧૯૮૮.
(૨) ઉદ્યોગ અને ખાણ વિભાગનો ઠરાવ ક્રમાંક: એસપીઓ/૧૦૨૦૧૫/૧૫૩૬/ચ-પાર્ટ-૨, તા.૨૯/૧૨/૨૦૧૮.
(૩) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક:ઉક/સખ/વિના ટેન્ડર/૨૦૧૯/૧૬૦૪૯૧૨, તા.૦૮/૦૧/૨૦૨૦.
(૪) ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરીનો પત્ર ક્રમાંક:ઉક/સખ/વિના ટેન્ડર/૨૦૨૦/૧૬૭૨૧૦૬, તા.૨૭/૧૦/૨૦૨૦.

આમુખ:-

ઉદ્યોગ અને ખાણ વિભાગનાં વંચાણે લીધેલ ક્રમાંક:- (૧) ના ઠરાવથી અંધ, અપંગ અને શારીરિક ખોડ ખાંપણ ધરાવતા લોકોની બનેલી સંસ્થાઓમાં ઉત્પન્ન થયેલ વસ્તુઓની ખરીદી વગર ટેન્ડરે થઇ શકે તે માટે માન્યતા આપવાનું ઠરાવેલ છે.

માનવ કલ્યાણ ટ્રસ્ટ દ્વારા સંચાલિત અપંગ તાલીમ અને પુનર્વસન ઉદ્યોગ ભવન, વિજલપોર, જિ. નવસારી દ્વારા પ્રિન્ટીંગ, બાઇન્ડીંગ, વણાટ (કાલીન સેટ, કાલીન પટ્ટા, આસન પટ્ટા, શેતરંજી) સિવણ કામને લગતી વસ્તુઓનું ઉત્પાદન કરવામાં આવે છે. આ સંસ્થાને વંચાણે લીધેલ ક્રમાંક:- (૧) ના ઠરાવ અંતર્ગત વંચાણે લીધેલ ક્રમાંક:- (૨) ના ઠરાવથી તા.૧૩/૧૦/૨૦૧૭ થી તા.૧૨/૧૦/૨૦૧૯ સુધી વિના ટેન્ડરે ખરીદી માટે માન્યતા આપવામાં આવેલ હતી. આ મુદત પુરી થતાં વંચાણે લીધેલ ક્રમાંક:- (૩) અને (૪) ના પત્રથી ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી દ્વારા ઉક્ત સંસ્થાને વિના ટેન્ડરે ખરીદી માટેની માન્યતાની મુદત લંબાવી આપવા દરખાસ્ત કરી હતી. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:-

સરકારશ્રી વિચારણાને અંતે, માનવ કલ્યાણ ટ્રસ્ટ સંચાલિત અપંગ તાલીમ અને પુનર્વસન ઉદ્યોગભવન, વિજલપોર, જિ. નવસારી સંસ્થા પાસેથી આમુખમાં દર્શાવ્યા મુજબની વસ્તુ/સેવાઓની, વિના ટેન્ડરે ખરીદીની માન્યતાની મુદત તા.૧૩/૧૦/૨૦૧૯ની પશ્ચાતવર્તી અસરથી આ સંસ્થા દ્વારા ઉત્પાદિત, પૂરી પાડવામાં આવતી વસ્તુઓ અને સેવાઓ GeM પર ઉપલબ્ધ થાય ત્યાં સુધી અથવા તો

A 31
21 DEC 2020 21/12

કુલસચિવ વિભાગ, ન.ક.યુ., નવસારી
ઈ.નં. ૭૪૨૪
22 DEC 2020
એડીએમ-૩ શાખા

21/12

તા.૧૨/૧૦/૨૦૨૧ સુધી (બંનેમાંથી જે વહેલું હોય ત્યાં સુધી) લંબાવી આપવાનું ઠરાવે છે. આ અંગેની શરતો નીચે મુજબ રહેશે.

શરતો:-

(૧) સંસ્થા પોતે ઉત્પાદન કરતી હોય તેવી જ વસ્તુઓ કે પૂરી પાડતી સેવાઓ પુરતો જ આ લાભ મળવાપાત્ર થશે.

(૨) સંસ્થાએ ક્રમાંક: (૧) ના ઠરાવમાં દર્શાવેલ જોગવાઇઓનું સંપૂર્ણ પાલન કરવાનું રહેશે.

(૩) આ સંસ્થા દ્વારા સરકારી કચેરીઓને જે માલ-સામાન પુરો પાડવામાં આવે તે અંગેનું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ દ્વારા પ્રમાણિત કરેલું પ્રમાણપત્ર સંસ્થાએ દર વર્ષે સરકારશ્રીને રજુ કરવાનું રહેશે.

(૪) સંસ્થાનો ઓડીટ વર્ગ-અ હોય તો જ સંસ્થા આ હુકમો હેઠળ લાભ મળવાપાત્ર થશે.

(૫) આ સંસ્થાને આ ઠરાવથી આપવામાં આવતી માન્યતા આ વિભાગના તા.૦૩/૦૭/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક:એસપીઓ/૧૦૨૦૧૫/૬૯૧૦૯૩/ચના વિના ટેન્ડરે ખરીદીની કક્ષા (ખ) હેઠળ ગણાશે અને તે કેટેગરી માટે નિયત થયેલ નાણાકીય મર્યાદા અને અન્ય બાબતને લગતી જોગવાઈ સંસ્થાને લાગુ પડશે. વધુમાં આ સંસ્થા પાસેથી વિના ટેન્ડરે ખરીદીની માન્યતાનો મુદતવધારો રાજ્ય સરકારની ખરીદ નીતિમાં વખતો વખત થતાં સુધારાને આધીન રહેશે.

(૬) સંસ્થાએ ગવર્નમેન્ટ ઇ-માર્કેટ પ્લેસ (GeM) પોર્ટલ ઉપર સપ્લાયર તરીકે નોંધણી કરાવવાની રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર તા.૧૩/૧૧/૨૦૨૦નાં રોજ મળેલ નાણા સલાહકારશ્રીની મંજૂરી તેમજ સરકારશ્રીની મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતનાં રાજ્યપાલશ્રીનાં હુકમથી અને તેમનાં નામે,

(મનીષ શાહ)
નાયબ સચિવ (ઉદ્યોગ)
ઉદ્યોગ અને ખાણ વિભાગ

નકલ રવાના:-

(૧) માન. રાજ્યપાલશ્રીનાં અગ્ર સચિવશ્રી, રાજ ભવન, ગાંધીનગર.(પત્ર દ્વારા)
(૨) માન.મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
(૩) સચિવાલયના સર્વે વિભાગ, (તેઓના હસ્તકના ખાતાના વડાઓ/બોર્ડ/નિગમોને પરિપત્રિત કરવાની વિનંતી સહ રવાના)
(૪) એકાઉન્ટન્ટ જનરલશ્રી, ગુજરાત રાજ્ય, અમદાવાદ/ રાજકોટ.
(૫) ઉદ્યોગ કમિશનરશ્રી, ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૬) નાણાં સલાહકારશ્રી (ઉ.ખા.વિ.), સચિવાલય, ગાંધીનગર.
(૭) અધિક ઉદ્યોગ કમિશનરશ્રી (સ.ખ.), ઉદ્યોગ કમિશનરશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, ગાંધીનગર.
(૮) નિયામકશ્રી, સમાજ સુરક્ષા ખાતું, ગુજરાત રાજ્ય, બ્લોકનં.૧૬, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
(૯) અપંગ તાલીમ અને પુનર્વસન ઉદ્યોગ ભવન, વિજલપોર, જિ.નવસારી.
(૧૦) કલેક્ટરશ્રી, જિ.નવસારી.
(૧૧) જિલ્લા વિકાસ અધિકારી, જિ.નવસારી.
(૧૨) જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્ર, જિ.નવસારી.
(૧૩) કોમ્પ્યુટર સેલ, ઉદ્યોગ અને ખાણ વિભાગ- વિભાગની વેબસાઇટ પર મુકવાની વિનંતી સહ
(૧૪) પસંદગી ફાઇલ.